The Gujarati Association, Wolverhampton
Connecting our community

# પ્રાર્થના (ગુજરાતી)

**ૐ,ૐ, ૐ, ૐ નમઃ સિવાય...**

## મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો, દયામયા, મંગલ મંદિર ખોલો.
જીવન વાન અતિ વેગે વટાવ્યુ,
દ્વાર ઊભો શિશુ ભોલો દયમયા, મંગલ મંદિર ખોલો.
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુ ને ઊરમાં  લો લો, દયમયા, મંગલ મંદિર ખોલો.
નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો, દયમયા, મંગલ મંદિર ખોલો.
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક,
પ્રેમ અમીરસ ઢોળો, દયમયા, મંગલ મંદિર ખોલો.

# અવ્યો એક પુણ્યાત્મા

પ્રભુ દ્વાર તમારા ખોલો રે (2) અવ્યો એક પુણ્યાત્મા

આ દુનિયાની સગાઈ, રહી પ્યારમાં પથરાઈ
એમાં આત્મા ગયો લપટાઇ રે ... અવ્યો એક પુણ્યાત્મા ...

આ ચારે કોરની માયા, તેમાં સઘળા ભેદ સમાયા
મન માવના લોભાય રે ... અવ્યો એક પુણ્યાત્મા ...

આ કાયા કુંભ છે કાચો, સમજો તો એમા ના રાચો,
પ્રભુ તુ છે એક જ સાચો રે ... અવ્યો એક પુણ્યાત્મા ...

એણે સાતકર્માઁ કઈ કીધા, એણે દુઃખ સહન કરી લિધા,
તારા નમન અમૃત પીધા રે .... અવ્યો એક પુણ્યાત્મા ...

લિધી તારા નામની માળા, હવે ભજીએ છેલ છોગાળા
ઓ ગિરધારી ગોપાલા રે .... અવ્યો એક પુણ્યાત્મા ...

તારે હથે છે મૂજ નૈયા, તને પોકરુ તરવૈયા
તમે આવો ને રખવૈયા રે .... અવ્યો એક પુણ્યાત્મા ...

તમે વારે આવો નાથ, મરો પકડી લોને હાથ.
પછી છોડુ નહીં સંગથ રે ... અવ્યો એક પુણ્યાત્મા ...

આ અવિચળ ભતુ ચાંદા, એ તારી લીલા ગોવિંદા,
ઓ જશોદાજી ના નંદા રે ... અવ્યો એક પુણ્યાત્મા ...

પ્રભુ એ છે પ્રાર્થના મારી, આત્મા ને લેજો તારી
પ્રભુ સુનાજો કૃષ્ણ મુરારી રે... અવ્યો એક પુણ્યાત્મા ...

પ્રભુ દ્વાર તમારા ખોલો રે (2) અવ્યો એક પુણ્યાત્મા.

પાનું ફેર વશો

## અબ સૂંપ દિયા સ્તુતિ

**અબ સૂંપ દિયા ઈસ જીવનકા, સબ ભાર તુમ્હારે હાથો મેં**
**હૈ જીત તુમ્હારે હાથો મેં, ઔર હાર તુમ્હારે હાથો મેં... (2)**

**મેરા નિશ્ચય બસ એક વહી, એક બાર તુમ્હે પા જાઉં મેં (2)**
**અર્પણ કર દું દુનિયાં ભરકા, સબ પ્યાર તુમ્હારે હાથો મેં (2)**
**જો જગમેં રાહુ તો ઐસે રાહુ, જો જલમેં કમલકા ફૂલ રહે (2)**
**મેરે સબ ગુણ દોષ સમર્પિત હો, ભગવાન તુમ્હારે હાથો મેં (2)**
**યદિ મનુષ્યકા મુજે જનમ મીલે તો, તવ ચરણોકા પૂજારી બનુ (2)**
**ઇસ પૂજન કી એક એક રાગ્કા, સબ તાર તુમ્હારે હાથો મેં (2)**
**જબ જબ સંસાર કા કૈદી બનુ, નીસકમ્ ભાવસે કર્મ કરૂં (2)**
**ફીર અંત સમાય મેં પ્રાણ તજુ, નિરકર(સાકર) તુમ્હારે હાથો મેં (2)**
**મુઝમેં તુજમેં બસ ભેડ યહી, મૈ નર હું તુમ નારાયણ હો (2)**
**મૈ હું સંસાર કે હાથો મેં, સંસાર તુમ્હારે હાથો મેં (2)**

**અબ સૂંપ દિયા ઈસ જીવનકા, સબ ભાર તુમ્હારે હાથો મેં**
**હૈ જીત તુમ્હારે હાથો મેં, ઔર હાર તુમ્હારે હાથો મેં (2)**

## અસટ્યો માહેથી

**અસટ્યો માહેથી પ્રભુ પરમ સત્યે તુ લેઈ જા**
**ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તુ લેઈ જા**
**મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લેઈ જા**
**તુ હીણો હુ છુ તો, તુજ દર્શનાં દાન દયે જા**

# ગીતા વાણી

આ ગીતા કર્મ કહાણી છે, એ કૃષ્ણ પ્રભુની વાણી...
એ અર્જુન ને સંભળવી છે, કલ્યાણ સદા કરની છે.
ઓ અર્જુન સંભળ ધ્યાન ધારી, આ મમતા દુઃખની સેજલડી, એ જનમો જનમ ધરનારી છે, એ કૃષ્ણ પ્રભુની વાણી...
આ માત, પિતા ને નારી છે, એને પ્રીત જગતથી ન્યારી છે, એં અંત સમાયે ફરનારી છે, એ કૃષ્ણ પ્રભુની વાણી...
આ જગતમાં કોઈનું કોઈ નથી, કોઈની સાથે કોઈ મારતું નથી, એં તનમન ની બિમારી છે, એ કૃષ્ણ પ્રભુની વાણી...
સુખ દેતું માનવી જ્યારે મરે, એની પાછળ સર્વે રૂદન કરે, એં સર્વે જીવોની કહાણી છે, એ કૃષ્ણ પ્રભુની વાણી...
આ જીવ જગતમાં જનમ ધરે, દુ:ખી માનવીના કલ્યાણ કરે, એં અંત સમયની કમાણી છે... એ કૃષ્ણ પ્રભુની વાણી...
તું સર્વે જગતને છોડી-દે, એક મારામાં ચિત જોડી દે, એં રીત સદા કલ્યાણી છે... એ કૃષ્ણ પ્રભુની વાણી...
મન વાણી, કર્મનો નીએમ કરે, સુખ દુઃખ માં ની ઉદવેગ ધરે, એ તનમન પાવન કારી છે... એ કૃષ્ણ પ્રભુની વાણી...
જે જન આ ગીતા પટ કરે, તે ભાવ-સાગર ની પાર તારે, ગીતા શરણે શાંતિ સમાણી છે... એ કૃષ્ણ પ્રભુની વાણી... કહે ઇન્દુ
કહે ઇન્દુ_અંતર્યામી પ્રભુ, તારું વરસાવી દે વહાલ વિભુ, તારા ચરણે ચીત જોડણી છે... એ કૃષ્ણ પ્રભુની વાણી...

# ગીતા જ્ઞાન

**બોલ્યા બોલ્યા શ્રી ભગવાન (૨) અર્જુન સાંભળો રે.**
**તમને કહું છું ગીતા જ્ઞાન (૨) અર્જુન સાંભળો રે.**

**આત્મા મરતો નથી, અમર છે (૨) એવું સમજે તે જ્ઞની છે, તે સંખ્યાયોગ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**સત્ કર્મ ધર્મ કહેવાય (૨) આચરતાં ચિત શુદિ થાય, તે કર્મયોગ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**સત્ કર્મ સદા આચરીયે (૨) ફળ હરિને અર્પણ કરીયે, તે બ્રહ્મપણ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**જેમ કમળપત્ર પાણીમાં (૨) તેમ રહે છે જે દુનિયામાં, તે સંન્યાશી કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**પોતે પોતાના ગુરુ બાનીયે (૨) નારાયણનું ધ્યાન ધરીયે, તે સંયમી કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**વાસુદેવ સર્વ વ્યાપક છે (૨) હજારોમાં કોક જાણે છે, તે વિજ્ઞાની કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

આખા વિશ્વાતોણો શય થાય (૨) મારુ નામ અક્ષાય કહેવાય,
અક્ષરધામ તે કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

સરજું પાળું ને સંહારું (૨) માટે ભજન કરો તમે મારુ, તે રાજયોગ
કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

હું અનંતરુપે વસનારો (૨) જગને ધારણ કરનારો, આ છે
વિભૂતિયોગ મારો, અર્જુન સાંભળો રે... બોલ્યા...

અં તરર્ની આંખ ખોલો (૨) મને સાધળે હવે તમે જોઈલો, તે
વિશ્વરુપ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

અનન્યા ચિંતન મારુ કરસે (૨) તે મૃત્યુ સાગર તરસે, એવું
ભક્તિયોગ સમજાવે, અર્જુન સાંભળો રે... બોલ્યા...

દેહ પ્રકૃતિ કહેવાય (૨) જીવ મારો અંશે કહેવાય, શેત્રશેત્રશ
કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

જ્યારે ભેદભાવના જાયે (૨) ત્યારે સમાનતા અઃવે, તે ત્રિગુણાતીત
કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...

**જગવૃક્ષા તણું જે મૂળ છે (૨) જુદા ચેતનાથી ઉત્તમ છે, તે પર્સોત્તમ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**સદબુદિ દેવ કહેવાય (૨) કુબુદિ અસુર કહેવાય, તે દેવસુર કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**જેવું અને તેવુ મન (૨) તેવી શ્રદ્ધા જેવું મન, તે શ્રદ્ધાવાન કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**સઘળા ધમો છોડી દો ને (૨) મારા શારણે આવો ને, મુકત સન્યાસી થઈને, અર્જુન સાંભળો રે... બોલ્યા...**

**ગીતામૃત પાન જે કરસે, તેને જીવનમુક્તિ મળશે, તેનો થાસે જય જય કર સૌ જાન સાંભળો રે... બોલ્યા...**

પાનું ફેર વશો

# અંજલિ ગીત

**હે નાથ જોડી હથ પેયે પ્રેમથી સૌ મંગીયે શરણું મળે સચુ તમરું એ રદયથી માંગીયે જે જીવ આવ્યા આપ પાસે ચરણોમાં અપનાવજો, પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.**

**વળી કર્મના યોગે કરી જે કુળમાં એ અવતરે, ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભક્તિ કરે. લખ ચોરસી ના બંધનોને લક્ષમાં લઈ કપજો, પરમાત્મા એ આત્માને શાંતિ સચિ આપજો.**

**સુસમપતિ સુવિચાર ને સત્કાર્મનો દઈ વારસો, જન્મોજનમ સત્સંગથી કિરતાર પાર ઉતરજો. આ લોકને પરલોકમાં તવ પ્રેમ રગરગ વ્યાપજો, પરમાત્મા એ આત્માને શાંતિ સચિ આપજો.**

**મળે મોક્ષ કે સુખ સ્વર્ગના આશ ઉરે સેવી નથી, દયો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભવથી સચુ બાતવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો, પરમાત્મા એ આત્માને શાંતિ સચિ આપજો.**

**માનવ તન આ છોડીને તે, આપ દવારે અવીઓ, કર્મના ઢગ હો ભલે પ્રભુ પૂણયથી ઉગરજો, અપરાધ માફ કરી સહુ, વિનંતિ સ્વીકારજો, પરમાત્મા તે આત્માને શાંતિ સાચી આપજો.**

**હે નાથ જોડી હથ પેયે પ્રેમથી સૌ મંગીયે શરણું મળે સચુ તમરું એ રદયથી માંગીયે.**

# શાંતિ પાઠ

**ૐ ધો શાંતિ, એતરીક્ષ શાંતિ, પૃથિવી શાંતિ, આપ શાંતિ,**
**ઔષધયા શાંતિ, વનસ્પતય શાંતિ, વિશવદેવા શાંતિ,**
**બ્રાહ્મ શાંતિ, શાંતિ રેવા શાંતિ, ક્ષમા શાંતિ.**

**ૐ શાંતિ શાંતિ શાંતિ...**